જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


તા.૨૮/૦૩/૨૦૧૭ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૬૩૬/૧૭**

**નરોડા પોલીસ સ્ટેશનઃ**

મે.અધીક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી જી ડીવીઝન અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીની અસામજીક પ્રવુર્તી અટકાવવા સારૂ અસરકાર પગલા લેવા કરેલ હુકમ અન્વયે પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી આર.બી.રાણા નરોડા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર તથા સ્ટાફના માણસોએ અમદાવાદ શહેરના દાણીલીમડા પો.સ્ટે વિસ્તારમા રહેતા ફારૂક ઉર્ફે સેમડો તૌફિકભાઇ શેખ ઉ.વ.૨૫ રહે. રામરહીમનો ટેકરો ઐયુબ કિરાણા સ્ટોર્સની સામે બહેરમપુરા અમદાવાદ શહેર નાઓ ઢોર ચોરીની અસામાજીક પ્રવુર્તી સાથે સંકડાયેલ હોય જેની વોચમા રહી અવારનવાર ઢોર ચોરીના કેશો કરવામા આવેલ જેમા નરોડા પો.સ્ટે (૧) ફસ્ટ ગુ.ર.નં. ૪/૧૭ ઇપીકો કલમ ૩૭૯, ૧૨૦બી, ૧૧૪ તથા પશુ ઘાતકી અધિનિયમની કલમ ૧૧ઇએચ તથા ગુજરાત પશુસંરક્ષણ સુધારણા અધિનિયમની કલમ ૫,૬,૬(ખ), ૧,૨,૩,૭,૮ તથા બીપીએમસી એકટ કલમ ૩૩૫,૩૩૬ મુજબ તથા (૨) વટવા જીઆઇડીસી પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૪/૧૬ ઇપીકો કલમ ૩૭૯, ૧૧૪ મુજબના ગુનાઓ શોધી રજીસ્ટર કરવામા આવેલ અને સદરી આરોપીની વિરુધ્ધમા પુરાવા એકત્રીત કરી મે.પોલીસ કમિશ્નર શ્રી સમક્ષ સાદર કરતા તેઓ સાહેબ શ્રી એ પાસા હુકમ નંબર : પી.સી.બી/ડી.ટી.એન/પાસા/૧૮૭/૧૭ તા.૨૩/૩/૧૭ અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને તા.૨૭/૩/૧૭ ના કલાક ૨૧/૩૦ વાગ્યે પાસા હુકમની બજવણી કરી જીલ્લા જેલ જામનગર ખાતે પાસા અટકાયત મા રહેવા સારૂ ૧. પો.કો. જયદીપસિંહ ભીખુસિંહ ૨. એલ.આર મયુરધ્વજસિંહ અનિરૂધ્ધસિંહ નાઓ સાથે યોગ્ય પોલીસ જાપ્તા હેઠળ મોકલી આપેલ છે.

**શહેરકોટડા પોલીસ સ્ટેશનઃ**

સિનીયર પોલીસ ઈન્સ્પેક્ટર શહેરકોટડા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓની સુચના આધારે સર્વે.સ્કવોડના પો.સબ.ઇન્સશ્રી એન.બી.સોલંકી તથા સ્ટાફના માણસોએ સરસપુર બાઇ રૂખિની ચાલી પાસે લોર. જયપાલસિંહ અજીતસિંહ તથા પો.કો ડાહ્યાભાઈ ઘેલાભાઈ નાઓની સંયુક્ત બાતમી આધારે આરોપી ગૌરવ ધીરજભાઇ પરમાર ઉ.વ.૩૦ રહે, ૨૧ ત્રીકમલાલની ચાલી નં-૨ નિર્મળપુરા ચાર રસ્તા પાસે સરસપુર અમદાવાદ શહેર નાને તા.૨૭/૦૩/૧૭ ના ક.૧૫/૦૦ વાગે એક્ટીવા નંબર જીજે-૦૧ એફ.એચ.૧૯૮૧ કિ.રૂ.૨૦,૦૦૦/- સાથે શંકાસ્પદ હાલતમાં પકડતા સદરી ઈસમે સદર એક્ટીવા બે દિવસ અગાઉ રાત્રીના સમયે નારણપુરા વિસ્તાર માંથી ચોરેલાની કબુલાત કરતો હોય સદરી ઈસમ પાસેની એક્ટીવા સી.આર.પી.સી કલમ ૧૦૨ મુજબ કબ્જે લઈ સદરી ઈસમને સી.આર.પી.સી કલમ ૪૧(૧)ડી મુજબ તા.૨૭/૦૩/૧૭ ના ક.૧૫/૦૦ વાગે અટક કરી નારણપુરા પો.સ્ટે. ફ.ગુ.ર.નં ૩૧/૧૭ ઈ.પી.કો કલમ ૩૭૯ મુજબનો ગુનો ડિટેક્ટ કરેલ છે




Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**શહેરકોટડા પોલીસ સ્ટેશનઃ**

સિનીયર પોલીસ ઈન્સ્પેક્ટર શહેરકોટડા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓની સુચના આધારે સર્વે.સ્ક્વોડના પો.સબ.ઇન્સશ્રી એન.બી.સોલંકી તથા સ્ટાફના માણસોએ હંજર સિનેમા પાસે પો.કો જલાભાઈ પીરાભાઈ બ.નં ૪૯૮૭ તથા પો.કો પિયુષકુમાર જયંતિભાઈ બ.નં. ૬૯૮૧ નાઓની સંયુક્ત બાતમી આધારે આરોપી દિપક ઉર્ફે દિપુ મોહનભાઈ મુરજાની ઉ.વ. ૨૦ રહે, મ.નં સી/૨૦૩, વિનાયક સીટી, ભાવીક સ્કુલની સામે, ચાંદલોડીયા અમદાવાદ શહેર નાને તા.૨૭/૦૩/૨૦૧૭ ના કલાક ૧૭/૩૦ વાગ્યે સેમસંગ જે-૭ મો.ફોન કિ.રૂ.૧૦,૦૦૦/- સાથે પકડી શહેરકોટડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં ૨૯/૧૭ ઈ.પી.કો કલમ ૩૫૬, ૩૭૯ મુજબનો ગુનો ડિટેક્ટ કરેલ છે અને આગળની વધુ તપાસ પો.સબ.ઈન્સ. એન.બી.સોલંકી સાહેબ નાઓ કરે છે. તા.૨૭/૦૩/૧૭

**વટવા પોલીસ સ્ટેશનઃ**

મે. પોલીસ કમિશ્નરશ્રીના પાસા અટકાયતી હુકમ ક્રમાંક: પીસીબી/ડીટીએન/પાસા/૧૯૫/૨૦૧૭ તા.૨૭/૦૩/૨૦૧૭ પાસા અટકાયતી નામે પ્રભંજન ઉર્ફે અમર સ/ઓ રાધાસરણ જાતે-શર્મા ઉવ.૪૨ રહે, મ.નં. એ/૫ ક્રિષ્નાપાર્ક આરાધના પાર્કની બાજુમાં પી.ડી.પંડયા કોલેજ રોડ ઘોડાસર વટવા અમદાવાદ શહેર નાઓના વિરુધ્ધમાં વટવા પો.સ્ટે. દાખલ થયેલ પ્રોહીબીશન સબંધી ગુનાઓમાં આરોપી વિરુધ્ધ હુકમ થયેલ હોય આરોપીને આજરોજ તા.૨૭/૦૩/૨૦૧૭ ના કલાક ૨૧/૩૦ વાગે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી ખાસ જેલ પાલારા - ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે .

**નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે સુરક્ષા સેતુ રથ :**










**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)